કોંગ્રેસ ભાજપાને બદનામ કરવા ષડ્યંત્રો રચે છે : ભરત પંડ્યા

ગાંધીનગર, તા. ૨૩

પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, રાહુલ ગાંધીના પ્રવાસ પહેલા પ્રચાર-પ્રસાર, પ્રસિધ્ધિના સ્ટંટ માટે કોંગ્રેસે નરેન્દ્ર પટેલનો ઉપયોગ કરીને આ એક કાવતરુ રચ્યું હતું. નરેન્દ્ર પટેલે ડ્રામા ઉભો કર્યો હતો. શ્રી પંડયાએ નરેન્દ્ર પટેલના આક્ષેપનું ખંડન કર્યું છે. નરેન્દ્ર પટેલ પોતે જ સામેથી ભાજપામાં જોડાવા મીડીયાની સમક્ષ આવ્યા હતા અને પછી પોતે જ મીડીયાની સામે ખોટા આક્ષેપો કરે છે. આ સમગ્ર ઘટનાક્રમનાં સાક્ષી મીડીયાના મિત્રો રહ્યા છે. બે-બે વખત મીડીયાની સમક્ષ આવવું અને ખોટું બોલવું એ નરેન્દ્ર પટેલના નાટક હતા તે સાબીત થયું છે. કોંગ્રેસે આવા નાટકો ઉભા કરીને ભાજપાને બદનામ કરવાનું ષડ્યંત્ર કર્યું છે. કોંગ્રેસ સીધી રીતે ચૂંટણીના મેદાનમાં આવી શકતી નથી. માટે પ્રોક્સીવાર તરીકે જાતિવાદ અને કોમવાદની વેર-ઝેરની રાજનીતિ કરે છે. ગુજરાતની જનતા કોંગ્રેસને સારી રીતે ઓળખી ગઈ છે.

એકબાજુ નિખિલ સવાણીએ પોતાના વક્તવ્યમાં ભાજપાએ મારી સાથે ક્યારેય પૈસાની વાત કરી નથી. જ્યારે બીજી બાજુ નરેન્દ્ર પટેલ આવા બેબુનિયાદ આક્ષેપો કરીને કોંગ્રેસના હાથા બનીને ભાજપાને બદનામ કરવાના કાવતરા કરે છે. વરુણ પટેલ સામે આક્ષેપો કર્યા હતા અને વરુણ પટેલે આક્ષેપો સામે નરેન્દ્ર પટેલને ખુલ્લો પડકાર ફેંક્યો છે. કોંગ્રેસે આવા હથકંડા અને ષડયંત્ર બંધ કરીને વિકાસની રાજનીતિ પર ચૂંટણી લડવી જોઈએ.

પ્રવિણ રામ રાજકારણમાં ઝંપલાવશે

ગાંધીનગર, તા. ૨૩

હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર બાદ પ્રવિણ રામ મેદાને આવી ગયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ યુવા નેતા પ્રવિણ રામ રાજકારણના માર્ગે આવી ગયા છે. ટુંક સમયમાં પ્રવિણ રામ રાજકીય પાર્ટીમાં જોડાઈ શકે છે. માહિતી સૂત્રો તરફથી મળી રહી છે. આવતા ચારથી પાંચ દિવસમાં પ્રવિણ રામ મહત્વનો નિર્ણય લેશે. ભાજપે પ્રવિણ રામને ટિકિટની ઓફર કરી છે.

ગુજરાત સરકાર સામે હવે પોલીસ વિભાગે પણ બાયો ચઢાવી

વિવિધ પડતર માંગણીઓને પગલે ૨જી નવેમ્બરે પોલીસનું મહાસંમેલન : સોશ્યલ મીડિયા મારફતે કરશે આંદોલન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સરકાર સામે સંખ્યાબંધ સંગઠનો અને મોરચાઓ આંદોલને ચઢ્યા છે ત્યારે હવે ગુજરાત પોલીસે પણ સરકાર સામે બાયો ચઢાવી હોવાનુ જાણવા મળ્યુ છે. ડીસીપ્લીનરી ફોર્સ પોલીસ ફોર્સના જવાનો સોશ્યલ મીડિયા મારફતે મહાઆંદોલન શરૂ કરશે. ૨જી નવેમ્બરે દરેક પોલીસ જવાનો પોતાના વોટ્સએપ અને ફેસબુકના પ્રોફાઈલમાં બ્લેક રીબીન સેટ કરી સરકારનો વિરોધ કરશે.

પોલીસ પાસે ૨૪X૭ કલાકની નોકરી લેવામાં આવે છે. તો એના પ્રમાણમાં પોલીસને પગાર આપો, પોલીસની નોકરીમાં ૧૮૦૦ રૂપિયા ગ્રેડ પે અને નોકરીનો સમય અમર્યાદીત પોલીસ નોકરી કરે એટલો પગાર આપો અથવા તો નોકરીનો સમય ૮ કલાક કરો, પોલીસ જ્યાં બંદોબસ્તમાં જાય ત્યા રહેવા, ખાવા, પીવાની વ્યવસ્થા કરો, પોલીસ પણ માણસ જ છે એમને પણ પરીવાર છે માટે એમના પરીવાર સાથે હરવા ફરવા રજાઓ આપો, રાત દિવસ ૨૪ કલાક નોકરી કરતી પોલીસ ૧૦ વર્ષ સુધી નોકરી કરે તો પણ તેને ફક્ત રૂ. ૧૯,૫૦૦ પગાર જ્યારે શિક્ષકોને ફિક્શેસનમાં રૂ. ૨૫,૦૦૦ પગાર આવો અન્યાય પોલીસ હવે સહન નહી કરે, ઉચ્ચ અભ્યાસ કરીને પોતાના બળ ઉપર નોકરી લાગેલા સરકારી કર્મચારીઓને પેન્શન નહિ જ્યારે પબ્લિકના વોટથી જીતેલા અભણ નેતાઓ એક દિવસ માટે એમપી કે એમએલએ બને તો તેમને કાયમ માટે પેન્શન આ કેવી વહાલા દવલાની નીતિ, સરકારની આવી નીતિને અમો નહિ ચલાવી લઈએ, સરકારી કર્મચારીઓની ફીક્શેસન પ્રથા દૂર કરો અથવા નેતાઓને ફીક્શેશન આપો નહિ તો પોલીસ આંદોલન કરી પોતાનો હક્ક માંગશે, ઉપરોક્ત માંગણીઓ સાથે પોલીસે સરકાર સામે બાયો ચડાવી છે. પોલીસની આ માંગણીઓ નહિ સ્વીકારાય તો આવનાર ૨૦૧૭ના ઈલેકશન સરકાર પરીણામ ભોગવવા તૈયાર રહે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

સેકટર-૩૦ની મહિલા ચિકનગુનિયામાં સપડાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયાનો એક કેસ મળી આવતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩૦માંથી એક ૪૨ વર્ષીય ગૃહીણી ચિકનગુનિયામાં સપડાઈ છે. આ દર્દી મળી આવતાં જ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે. દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

તંત્ર દ્વારા દર્દીના ઘરે ફોગીંગ તેમજ એન્ટી લારવેલની કામગીરી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી પણ કરતાં કોઈ અન્ય શંકાસ્પદ તાવના દર્દીઓ કે સાંધા જકડાઈ જવાની ફરિયાદો મળી નથી.

આ વખતે રોગચાળાની સિઝન પણ મોડી શરૂ થઈ છે. વાહકજન્ય રોગચાળાના કેસો જે રીતે અમદાવાદમાં મળી રહ્યા છે તેની સામે ગાંધીનગરમાં ઓછા મળી રહ્યા છે. મેલેરિયાના છુટા છવાયા કેસો તેમજ ડેન્ગ્યુના પણ છુટા છવાયા કેસો ગત વર્ષની તુલનામાં આ વર્ષે ઓછા મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે. જો કે તંત્ર દ્વારા પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને શહેરમાં એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવામાં આવી છે. મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો જણાય ત્યાં તાત્કાલિક આ કામગીરી કરવામાં આવતી હોવાનું જણાવતાં આ સૂત્રોએ કહ્યું છે કે રોગચાળો વધે નહિ તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે સિતાંશુ યશચંદ્ર ચૂંટાયા



ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની યોજાયેલી ચૂંટણીમાં પદ્મશ્રી સિતાંશુ યશચંદ્રને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

ચૂંટણીના મતદાનને અંતે જાહેર થયેલ પરિણામમાં સિંતાશુ યશચંદ્રને ૭૧૫ મત મળ્યા હતા. જ્યારે તેમના પ્રતિસ્પર્ધી બળવંતભાઈ જાનીને ૫૧૪ મત મળ્યા હતા. સિંતાશુ યશચંદ્ર ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ સંભાળશે. આજે જાહેર થયેલ આ પરિણામથી સાહિત્ય જગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

વિધાનસભા ચૂંટણી મામલે કોંગ્રેસની સુપ્રિમમાં અરજી

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતમાં ચૂંટણીની તારીખો જાહેર કરવામાં મોડું કરવાને લઈને કોંગ્રેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપની કેન્દ્ર સરકાર જાણી જોઈને ચૂંટણી તારીખોની જાહેરાતમાં મોડું કરાવી રહી છે. જેથી લોભામણી જાહેરાતો માટે તક મળી શકે.

સુત્રોની જાણકારી મુજબ કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં પોતાની અરજીમાં કહ્યું છે કે ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરી દીધી છે. હિમાચલ સાથે ગુજરાતની મતગણતરીની તારીખ પણ જાહેરાત કરી દીધી છે. પરંતુ મતદાનની તારીખની જાહેરાત કેમ નથી કરી.

કોંગ્રેસે અરજીમાં એવો સવાલ પણ ઉઠાવ્યો કે કેમ ગુજરાત ચૂંટણીની અધિસૂચના જાહેર કરવામાં આવી નથી. સાથે વીવીપેટ સ્લિપની સમય મર્યાદા ૮ સેકન્ડથી વધારીને ૧૫ સેકન્ડ કરવાની માગ કરી છે. મહત્વનું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નિવેદન કર્યું હતું કે બંધારણીય સંસ્થા પર સવાલ ઉભો કરવાનો કોંગ્રેસ પાસે કોઈ નૈતિક અધિકાર નથી.

સચિવાલયમાં ઉપસચિવની ૧૨ ખાલી જગ્યાઓ ભરાઈ

અજય પટેલને મહેસુલ વિભાગમાં, અંકિતા સંઘાડાને ખાણ વિભાગમાં, જીગર પટેલને પણ ખાણ વિભાગમાં, કે વી પટેલને ગ્રામ વિકાસમાં મૂકાયા

અમદાવાદ, તા. ૨૩

રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંગેની તારીખ જાહેર થાય અને આચારસંહિતા અમલી બને એ અગાઉ રાજય સરકાર દ્વારા આજે ૧૨ જેટલા ઉપસચિવોની ખાલી જગ્યા ઉપર નિમણૂંકના આદેશ જારી કરવાની સાથે જ ૨૩ જેટલા અધિકારીઓને ઉપસચિવ તરીકે બઢતી આપવાના આદેશ જારી કર્યા છે આ સાથે જ ત્રણ જેટલા આઈ.એ.એસ. અધિકારીઓની બદલીના આદેશ કરવામા આવ્યા છે.આ અંગે મળતી માહિતી અનુસાર,વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંગેની આચારસંહિતાનો અમલ શરૂ થાય એ અગાઉ સરકારના સંયુકત સચિવ દ્વારા ૧૨ જેટલા ઉપસચિવોની ખાલી જગ્યા પુરવાના આદેશ કરવામા આવ્યા છે. આ આદેશમાં અજય પટેલને મહેસુલ વિભાગમાં,અંકિતા સંઘાડાને ખાણ વિભાગમાં, જીગર પટેલને પણ ખાણ વિભાગમાં, કે વી પટેલને ગ્રામ વિકાસમાં, એસ. જે. મહેતાને પાણી પુરવઠા વિભાગમાં, વી બી દેસાઈને પરિવાર કલ્યાણ વિભાગમાં,ચૈતન્ય નિમાવતને સામાન્ય વહીવટ વિભાગમાં, એચ એમ પરમારને પરિવાર કલ્યાણ વિભાગમાં, એમ કે વાઘને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં,આર એમ પટેલને માહિતી આયોગમાં, એન.જે.જાનીને પ્રાધ્યોગિકી વિભાગમાં ઉપ સચિવ તરીકે ખાલી પડેલી જગ્યા ઉપર નિમણૂંક આપવામા આવી છે.આ ઉપરાંત ૨૩ જેટલા અધિકારીઓને વિવિધ વિભાગોમા ઉપ સચિવ તરીકે બઢતી આપવામા આવી છે.

આ ઉપરાંત ત્રણ જેટલા આઈ.એ.એસ અધિકારીઓ કે જેમાં દિલીપકુમાર રાણાને ટ્રાઈબલ કમિશનર તરીકે આર જે માંકડીયાના સ્થાને,અજય પ્રકાશને ગીર-સોમનાથના કલેકટર તરીકે અને જે કે થેસીયાને ડીડીઓ જુનાગઢ તરીકે ફરજ સોંપવામા આવી છે. આ સાથે જ રાજયના અલગ અલગ વિસ્તારોમાં માર્ગ અને મકાન વિભાગમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા એવા ૪૦ જેટલા કાર્યપાલક ઈજનેરોની આંતરીક બદલી કરવામા આવી છે.

રાહુલ ગાંધી આગામી પ્રવાસ વેળા હાર્દિક-જીગ્નેશ સાથે મુલાકાત યોજશે

અમદાવાદ,તા.૨૩

ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરને કોંગ્રેસમાં વિધિવત્ રીતે સામેલ કરી દીધા બાદ હવે કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ચૂંટણીમાં બહુ મહત્વના પરિબળ અને નિર્ણાયક સાબિત થાય તેવા પાટીદાર નેતા હાર્દિક પટેલ અને દલિત નેતા જીગ્નેશ મેવાણીને કોંગ્રેસમાં લાવવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આજે અલ્પેશ ઠાકોરના કોંગ્રેસમાં જોડાવાના સંમેલનમાં ખાસ હાજરી આપનાર કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની તેમની વ્યસ્તતાના કારણે પાટીદાર નેતા હાર્દિક પટેલ સાથે મુલાકાત થઈ શકી ન હતી પરંતુ તા.૧લી નવેમ્બરે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસે રાહુલ ગાંધી જયારે ગુજરાત મુલાકાતે આવશે ત્યારે હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી સાથે તેમની મુલાકાત-બેઠક યોજાય તેવી પૂરી શકયતા છે. સોંલકીએ વધુમાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ ગુજરાતનું મહત્વનું અંગ છે. કોંગ્રેસ દરેક સમાજને સાથે લઈને ચાલનારો પક્ષ છે. આજે ગુજરાતમાં ભાજપના કુશાસનથી પાટીદાર, ઓબીસી, એસસી-એસટી સહિતના તમામ સમાજ-વર્ગો ત્રાસી ગયા છે. ભાજપ હવે ગમે તેવું જાતિવાદનું રાજકારણ કરે પરંતુ આ બધા સમાજ એક થઈ ગયા છે અને ભાજપને ઓળખી ગયા છે. ગુજરાતના લોકો જ હવે એક થઈ ગયા છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં લોકો જ ભાજપને જવાબ આપશે. હાર્દિક પટેલ અને રાહુલ ગાંધી તાજ હોટલમાં જ રોકાયા હતા તો શું તેમના વચ્ચે મુલાકાત થઈ છે તેવા પ્રશ્નના જવાબમાં સોલંકીએ સ્પષ્ટતા કરી હતી કે, ના, હાર્દિક પટેલની રાહુલ ગાંધી સાથે મુલાકાત થઈ નથી. પરંતુ આગામી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન તેઓ જયારે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવવાના છે ત્યારે પાટીદાર નેતા હાર્દિક પટેલ અને દલિત નેતા જીગ્નેશ મેવાણી સાથે તેમની બેઠક યોજાય તેવી શકયતા છે.

Sleek
THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્ક્વાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com